**PRESS COVERAGE:**

**PUBLICATION NAME: BHOOMI (GUJARATI DAILY)**
**CITY:** JAMNAGAR
**DATE:** 17-05-2018
**PAGE NO.** 02+03
**TOTAL SQ. CM.** 343
**TITLE:** *Launch of Nutrition Support Program- A Joint Initiative of Essar Oil and RNTCP Dwarka*

# ખંભાળિયામાં ટીબીના દર્દીઓ માટે ન્યુટ્રીશન સપોર્ટ પ્રોગ્રામ યોજાયો





ખંભાળિયા તા. ૧૭ : ભારતમાંથી ટીબીને ૨૦૩૫ સુધીમાં નાબુદ કરવાનો લક્ષ્યાંક વિશ્વ આરોગ્ય સંસ્થાએ આપેલ છે. જયારે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૨૫ સુધીમાં ટીબી નાબુદીનો લક્ષ્યાંબક આપેલ છે. સરકારશ્રી દ્વારા દરેક જિલ્લામાં બે તાલુકાઓને ટીબી મુકત કરવા માટે નકકી કરવામાં આવેલ છે. જેમાં દેવભૂમિ દ્વારકામાં ભાણવડ અને કલ્યાણપુર તાલુકાને સૌ પ્રથમ ટીબી મુકત કરવા જણાવવામાં આવેલ છે. જેના અનુસંધાને અલગ-અલગ પ્રવૃતિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત આજે ખંભાળીયા ખાતે આહિર સમાજવાડી ખાતે એસ્સાર ઓઈલ કંપની સીએસઆરના સહયોગથી જિલ્લાભ ક્ષય કેન્દ્ર દ્વારા ટીબીના દર્દીઓને ન્યુહટ્રીશન કીટ (ચોખા, મલ્ટી ગ્રેના આટા, મુંગદાલ, ચીક પીસ ઓઈલ અને જેગ્રી) આપવા માટે ન્યીુટ્રીશન સપોર્ટ પ્રોગ્રામ કલેકટરશ્રી જે.આર. ડોડીયાના અધ્યઓક્ષ સથાને યોજાયો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લા માં અંદાજિત ૨૯૦ દર્દીઓને એક થી આઠ માસ માટે જરૂરી કીટ અંદાજિત રૂા.૯૯૫/-ની એસ્સાર ઓઈલ કંપનીના સીસઆર દ્વારા આપવાનું નકકી થયેલ છે. જેના માટે એસ્સાર ઓઈલ કંપની દ્વારા અંદાજે રૂા.૧૬ લાખ મળેલ છે.

આ તકે કલેકટરે એસ્સાર ઓઈલ કંપનીનો આભાર માની જણાવયું કે આપણે જો પોલીયો મુકત ભારત બનાવી શકયા હોયે તો ટીબી મુકત કેમ ન બનાવી શકીએ. સરકારના પ્રયત્નો, એનજીઓનો સહયોગ અને લોકોની જાગૃતિથી આ શકય જ છે. ન્યુપટ્રીશન સપોર્ટ મળતા દર્દીઓ સમયસર દવા લેવા પ્રેરાસે તથા દવા વધુ અસરકારક નિવડશે. તેમણે તમામ ઉપસ્થિત ટીબીના દર્દીઓને આનો વધુમાં વધુ લાભ લઈ તેનો સદઉપયોગ કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગેજિલ્લા વિકાસ અધિકારી રાવલે જણાવ્યું કે જનસેવા એજ પ્રભુ સેવા અલું શાસ્ત્રો માં લખ્યું છે. ડોકટર જયારે દર્દીની સંવેદના સમજશે ત્યાએરે જ સાચા અર્થમાં સેવા કરી શકશે. દર્દીઓ જયારે સારવાર લઈને પાછા જાય ત્યાશરે આશીર્વાદ આપતા જાય તેવી સારવાર કરવા જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિયત રહેલ ધ યુનિયન, દિલ્હીરના રીજયોનલ ડાયરેકટર ડો. જેમી તોન્સીંગે જણાવ્યું કે વિશ્વએ જે ટાર્ગેટ આપ્યોલ છે એનાથી પાંચ વર્પ પહેલા આપણે ટીબીને નાબુદ કરીશું. ન્યુટ્રીશન દર્દી માટે બહુ સારી વસ્તુન છે. સરકારના આ કાર્યમાં એનજીઓનો સહકાર મળી રહે તો ટીબી નાબુદ કરવી અશકય નથી. સ્ટેટ ટીબી ટ્રેનીંગ સેન્ટરર અમદાવાદના ડો. જીજ્ઞેશ પટેલે કહ્યુંકે એપ્રિલ-૨૦૧૮ થી સરકારશ્રી દ્વારા ટીબીના દરેક દર્દીને રૂા.૫૦૦/- લેખે જયાં સુધી દવા ચાલુ હોય ત્યાંમ સુધી આપવામાં આવે છે.

પાના નં.3 ઉપર

## ટીબીની દર્દીઓ

ઘણા દર્દીઓએ આ સહાયનો લાભ લીધો છે. અત્રે ઉલ્લેંખનીય છે કે દેવભૂમી દ્વારકા જિલ્લારને ટીબીના દર્દની તપાસ માટે સીબીનાટ વાન મળેલ હતી. જેમાં ફકત બે જ કલાકમાં ટીબી છે કે નહી અને ગંભીર પ્રકારનો ટીબી છે કે નહી તે સ્થતળ પર જ નકકી થઈ જાય છે. જેમાં જિલ્લોમાં ટોટલ ૩૩ વ્યટકિતઓની તપાસ કરવામાં આવી અને તેમાં ૬ કેસો પોઝીટીવ આવેલ છે અને આ ૬ પૈકી ૧ ગંભીર પ્રકારનો ટીબીનો દર્દી મળેલ છે.

આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તેળ ટીબીના દર્દીઓને ન્યેટ્રીશન કીટનું વિતરણ દ્વારા સ્વગચ્છણતા અંગેનું નાટક રજુ કરવામાં આવ્યુંચ હતું. સ્વાએગત પ્રવચન તેમજ આભાર વિધી જિલ્લા ક્ષય અધિકારી પીઠડીયાએ કરી હતી.

આ કાર્યક્રમમાં એસ્સાએર ઓઈલમાંથી દિપક અરોરા, અવધેશ પાઠક, દિપેન્દ્રતસીંગ પરીહાર, મુખ્ય જિલ્લા આરોગ્યઅ અધિકારી સીંગ, જનરલ હોસ્પીટલના સુપ્રીન્ટેન્ડન્ટ જોશી, આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા ટીબીના દર્દીઓ ઉપસ્થિયત હતા.